કાન્તિ ભટ્ટ

## કુદરતી રીતે પુરુષ કરતાં સ્ત્રી ચઢિયાતી છે !

A man consumes his large supply of masculine substance
and has left over only the smaller amount of feminine substance,
which he must now put to use. It is the other way round with a woman.
She allows her unused supply of masculinity to become active.

- Carl Jung

કાર્લ યુંગ નામના મનોવિજ્ઞાનીએ ઉપરના વિધાનમાં કહ્યું છે કે પુરુષ તેના મહત્ત્વનાં વર્ષો તેના પુરુષત્વનું તત્ત્વ વાપરવામાં કે વેડફવામાં કાઢી નાખે છે. પછી પુરુષમાં પણ કુદરતે થોડાં સ્ત્રીનાં તત્ત્વો ગૂંથ્યાં છે તે બાકી રહે છે અને એ તત્ત્વોનો પુરુષે ઉપયોગ કરવો પડે છે ત્યારે જ પુરુષમાં નજાકત આવે છે. સ્ત્રીની બાબતમાં આ વાત ઊલટી છે. સ્ત્રી તેનાં મહત્ત્વનાં વર્ષો નારીત્વમાં ગાળે છે પણ પછી તેણે જે મેસ્કયુલિનિટીને એટલે કે પુરુષત્વને અનામત રાખ્યું હોય છે તે વાપરે છે. સ્ત્રી થોડીક પરિપકવ થતાં ચંડિકા બને છે તે આપણે જોયું છે. કાર્લ યુંગના ઉપરના અવલોકનને આંટે તેવું પુસ્તક એશલી મોન્ટેગુએ લખ્યું છે. આ પુસ્તકનું નામ છે-'ધ નેચરલ સુપિરિયારિટી ઑફ વિમેન.' આ પુસ્તકનાં બીજ લગભગ ૬૦ વર્ષ પહેલાં વવાયાં અને પુસ્તક લખાયા પછી તેની ૧૦ લાખથી વધુ નકલો ખપી ગઇ. મેકમિલન પ્રકાશન કંપની માલામાલ થઇ ગઇ. આજે આ પુસ્તક દુર્લભ છે. એક જૂની પ્રત રૂ. ૨૫૦૦માં મળે છે. ડૉ. એશલી મોન્ટેગુ નૃવંશશાસ્ત્રી તરીકે તેમને પુરુષ અને સ્ત્રીના જીવરાસાયણિક બંધારણનો ભેદ પરખાયો એ વખતે તેમને લાગ્યું કે પુરુષ કરતાં સ્ત્રી અનેક રીતે સુપિરિયર છે. તે વાતને પ્રતિપાદિત કરવા બીજાં કેટલાંક અભ્યાસ પછી તેમને લાગ્યું કે દરેક પ્રકારે સ્ત્રી સુપરિરિયર છે.

એશલી મોન્ટેગુએ તેની આત્મકથામાં આ વાત લખેલી છે. ૧૯૦૫માં તેમનો જન્મ થયો. ૧૯૧૧માં તે ૬ વર્ષના બાળક હતા તે વખતના તેના અનુભવોને તેણે લેખમાં અને પુસ્તકમાં ટાંકયા છે. તેમણે લખ્યું છે: 'મારી છ વર્ષની ઉંમરે જ મેં અનુભવ કર્યો કે પુરુષ કરતાં સ્ત્રીઓ કેટલી બધી પ્રેમાળ, હેતાળ અને માયાળુ છે ! સ્ત્રી જલ્દી માફ કરી દે છે.'- એશલી મોન્ટેગુએ તેના અનુભવો વિસ્તારથી લખ્યા છે. 'મારી બાળવયમાં મેં જોયું કે તમારે ઘરે પુરુષ મહેમાન આવે તો તે તમને હલ્લો કહેશે..હું કોઇને ઘરે જાઉં તો મને પુરુષ બુચકારશે. બીજાં બાળકોને રૂટીનમાં જે ચેષ્ટા કરે તેવી ચેષ્ટા તમારા બાળકો સાથે પુરુષો કરશે. મારો ગાલ હળવેકથી ખેંચશે. મારા વાળમાં આંગળાં નાળીને આડાઅવળા કરશે. અને આ બધું જ રૂટીનમાં કર્યા પછી પોપટ વાક્ય બોલી નાખશે-'વ્હોટ એ નાઇસ બોય યુ આર.' અને પછી જેટલી ત્વરાથી એ વડીલે શબ્દો કે ચેષ્ટાનું નાટક કર્યું હશે તેટલી ત્વરાથી જ તમને ભૂલી રસ્તે પડી જશે.'

વાચકોને પણ બાળક તરીકે આવો અનુભવ થયો જ હશે. તમારી મમ્મી કે પપ્પા સાથે તમે બીજાને ઘરે જાઓ તો પુરુષો તેના રૂટીન પ્રમાણે 'લાડ' કરે છે. તેનાથી જુદી રીતે સ્ત્રી બાળક સાથે વર્તશે. યજમાન સ્ત્રી તમને બાળક તરીકે એકદમ ટકોરાબંધ દાનતવાળો રસ તમારામાં લે છે. સ્ત્રીનો બાળક પ્રત્યેનો રસ જિનિયસ હોય છે. બાળકને ખુશ કરવા સ્ત્રી સાચા હૃદયથી કોશિશ કરે છે. બાળકમાં પુરુષ કરતાં સ્ત્રી વધુ રસ લે છે.

ઘરે આવેલા બાળકના ગાલને પુરુષની જેમ થોડીક ચપટી ભરવાને બદલે સ્ત્રી બાળકને પંપાળશે અને તે પછી ધીરે ધીરે બાળકને પોતાનું કરીને તેની સાથે કાલી કાલી ભાષામાં વાત કરશે. એશલી મોન્ટેગુ લખે છે કે, 'મેં બચપણથી જ સ્ત્રીને માયાળુ અનુભવી છે. બીજી બાજુ પુરુષો લગભગ ઠંડા માલૂમ પડ્યા છે. અરે, કેટલાક તો લાગણીના કોરાધાકોર હોય છે. જાણે કુદરતે પુરુષને કોરા ધાગાથી ઘડ્યો હોય. એશલી મોન્ટેગુએ નૃવંશશાસ્ત્રી અને સમાજશાસ્ત્રી તરીકે બીજાં અવલોકન કર્યા. તેમણે જીવરસાયણ બંધારણ જોયું અને પછી દઢપણે માન્યું કે ખરેખર પુરુષ કરતાં સ્ત્રી સુપિરિયર છે. એટલે તેણે એક લાંબો લેખ લખી નાખ્યો. તેનું મથાળું હતું 'સુપિરિયારિટી ઑફ વિમેન.' એ પછી તેની હસ્તપ્રત ઘરે જ પડી રહી. જે લોકોને લેખ વંચાવ્યો તે બધાએ કહ્યું કે આવો વિચાર પ્રગટ કરવાનો સમય હજી પાક્યો નથી. પુરુષો તો તેવી વાત નહીં માને પણ ઘણી સ્ત્રીઓય નહીં માને. કેટલીક કહેશે કે મોન્ટેગુસાહેબ દંભ કરે છે ! આમ છતાં એશલી મોન્ટેગુ પોતાના વિચારોમાં દઢ રહ્યા. ફિઝિકલ એન્થ્રોપોલોજિસ્ટ(માનવવિજ્ઞાની-નૃવંશસાસ્ત્રી) તરીકે તેમના મનમાં વાત દઢ થતી ગઇ કે

એમના શારિરીક નૃવંશ વિજ્ઞાનમાં જે ગ્રેસાઇલ શબ્દ વાપર્યો છે તે સ્ત્રીના દેહ માટે છે. એટલે કે સ્ત્રીના શરીરમાં ગ્રેસ હોય છે. ગ્રેસનું પ્રભુત્વ હોય છે.

'ગ્રેસ' શબ્દનો વિશાળ અર્થ લેવાનો છે. ગ્રેસ એટલે માત્ર દેહલાલિત્ય, નજાકત, શોભાયુક્ત કે કમનીય નહીં પણ ગ્રેસ એટલે અનુકંપા, મોહકતા, આભૂષણ જેવા ગુણ વગેરે અર્થ લેવાનો છે. ઈશઆવરકૃપાને પણ ઘણા ગ્રેસ કહે છે. પુરુષ માફ કરતો નથી. સ્ત્રી માફ કરી દે છે. એશલી મોન્ટેગુએ સ્ત્રીનાં હાડપિંજરોનો અભ્યાસ કર્યો તો તેમાં પણ તેને સ્ત્રીની ગ્રેસ છેક હાડકાં સુધી પરખાઇ. પુરુષના હાડપિંજરો રોબસ્ટ હોય છે-ક્રૂર હોય છે. હાડપિંજરો જોઇને જ ભેદ પારખી શકાય. વળી એશલી મોન્ટેગુએ જોયું કે સ્ત્રીઓમાં બાળક જેવાં જ લક્ષણો હોય છે. એ પ્રકારે તેમણે તારણ કાઢ્યું કે પુરુષ કરતાં સ્ત્રી ઘણી એડવાન્સ છે. તેમના અંતિમ મતને પછી એલીસ નામની મહિલાએ અનુમોદન આપ્યું કે 'સ્ત્રીઓમાં માનવતાના ખાસ કરેક્ટરસ્ટિક્સ લક્ષણો હોય છે.

ડૉ. મોન્ટેગુનું અખું પુસ્તક વાંચો તો જ તમને પ્રતીત થશે કે ખરેખર સ્ત્રી પુરુષ કરતાં ચઢિયાતી છે. મોન્ટેગુ કહે છે કે સ્ત્રી ચઢિયાતી છે તેનાં અનેક કારણો પણ છે.

સ્ત્રી બાળકની વધુમાં વધુ નિકટ હોય છે. તેથી જ તમે જો જો કે ઘણાં બાળમંદિરોમાં સ્ત્રી શિક્ષિકા જ રખાય છે. સ્ત્રી માનવતાની વધુ નિકટ હોય છે. સ્ત્રીને કુદરતે બાળક જેવી બનાવી છે. તેમાં કુદરતનું ડહાપણ છે, કારણ કે બાળકને સૌથી વધુ સમજી શકે તો તે સ્ત્રી છે. કુદરતે સ્ત્રીને વિપુલ પ્રમાણમાં-લાંબે સુધી ટકી શકે તેવો સંતાન માટેનો આનંદ બક્ષિસમાં આપ્યો છે. જે આનંદ પુરુષને ઓછો હોય છે. મારા અંગત જીવનમાં જોયું કે મારી ૨૬ વર્ષની પુત્રીના મરણનો ધક્કો મારા કરતાં મારી પત્નીને 'હજાર ગણો' લાગ્યો છે. શક્તિના મરણને બે વર્ષ થયા છે છતાં પુત્રી વગર તેની માતાને તેનું જીવન શૂન્ય જેવું લાગે છે.

પુરુષ તુલસીના ક્યારાની માવજત કરતો નથી. કબૂતર કે પક્ષી ઉપર સ્ત્રી ઘા નહીં કરે. સ્ત્રીએ કલાપીની માફક એ પંખીની ઉપર પથરો ફેંકતાં ફેંકી દીધો તેવી કવિતા લખવી નહીં પડે. મેં બચપણમાં જોયું કે અમારી તોફાની ગાય ભરવાડને દોહવા ન દેતી પણ મારી બાને દોહવા દેતી. ડૉ. મોન્ટેગુ કહે છે 'તમામ અવલોકન પછી ખાતરી કરી કે પુરુષ કરતાં સ્ત્રી લાંબું જીવે છે. કેટલીય કઠણાઇ સહન કરવા છતાં-સાયન્ટિફિક અને મેડિકલ સાહિત્યને હું ફેંદી ગયો તો તે તમામમાં સ્ત્રીની ફેવરમાં વાત મળી છે એ પછી 'ધ સેટરડે રિવ્યુ'ના વિદ્વાન તંત્રી નોર્મન કઝીન્સને વાત કરી. તેમણે મને વારંવાર કહ્યું કે આ વિષય પર લેખ ક્યારે લખીને આપો છો ? એ પછી મેં લેખ લખ્યો. તેના મથાળામાં નોર્મન કઝિન્સે 'નેચરલ' શબ્દ ઉમેરીને તેને 'ધ નેચરલ સુપિરિયારિટી ઑફ વિમેન' મથાળું આપ્યું. એ પછી સર્વત્ર તેનાં ખૂબ વખાણ થયાં. બે ડઝન મેગેઝિનોએ આ લેખને ફરી છાપ્યો અને આખરે ૧૯૫૩માં 'ધ નેચરલ સુપિરિયારિટી ઑફ વિમેન' પ્રગટ થયું. તેણે એક વાત હિન્દુસ્તાનમાં જોઇ કે ભારતમાં દેવો કરતાં દેવીઓ વધુ પૂજાય છે અને ગ્રામીણ વિસ્તારમાં ખાસ. નારી વિચારવંત હોય, વિજ્ઞાની હોય, નોબેલ પ્રાઇઝ વિજેતા હોય, સ્ત્રી-કામઠાવાળી હોય અને મોડેલો પણ હોય છે ભારતીય નારીઓ ! તમારામાં નેચરલ સુપિરિયારિટી છે તો પછી, તમને શું નડે છે ? તમને મળેલી કુદરતી બક્ષિસનો શું કામ લાભ લેતી નથી ? ક્યારે ગુજરાતના મુખ્યપ્રધાન બનવું છે ?